ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૬૬ ટકા

# શહેરમાં પેઈંગ ગેસ્ટ અને હોસ્ટેલ વ્યવસાય ઠપ્પ

## સ્પર્ધાત્મક પરીક્ષા અને કોલેજો-યુનિવર્સિટીઓ બંધ રહેતા દોઢ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ગાંધીનગર છોડયું

ગાંધીનગર, તા.૧૪

કોરોના અને લોકડાઉનની અસર તમામ ક્ષેત્રમાં થતી જણાઈ રહી છે. હાલ અમુક ધંધા-રોજગાર સદંતર ઠપ્પ છે ત્યારે નગરમાં ચાલી રહેલો પેઈંગગેસ્ટ (પીજી) અને હોસ્ટેલનો બિઝનેસ હાલ ઠપ્પ થઈ ગયો છે. નગરમાં લગભગ પચાસ હજારથી વધુની સંખ્યામાં વિદ્યાર્થીઓ સરકારી ખાતાની પરીક્ષા તથા બેંકની પરીક્ષા માટે વિવિધ ગામમાંથી અહીં કલાસીસ કરવા આવ્યા હતા અને ત્યારબાદ અહીં જ રહીને પરીક્ષાની તૈયારી કરતા હતા. રહેવા માટે નગરમાં જો પરિવારનું કોઈ વ્યકિત હોય તો તેમના ઘરે અથવા પ્રાઈવેટ પીજીનો વિકલ્પ સર્વે માટે શ્રેષ્ઠ ગણાતો. જુના સેકટરોમાં ટેર્નામેન્ટમાં રહેનાર તેમના ઘરનો એક માળ છોકરાઓને પીજી તરીકે ભાડે આપતા તથા અમુક ફલેટ પણ રૂમ હોય તે મુજબ ભાડે આપવામાં આવતો. ભાડાની શરૂઆત ૨૫૦૦ રૂપિયાથી લઈ તે અલગ અલગ સુવિધાઓ મુજબ વધતા રહેતા અને ૮-૯ હજાર સુધીના રહેતા. પરંતુ લોકડાઉન થયા બાદ તમામ વિદ્યાર્થીઓ પોતપોતાના ઘરે જતા રહ્યા છે. જેને કારણે માર્ચ મહિનાથી લઈ હાલના દિવસ સુધી આ બિઝનેસને ખોટ પડી રહી છે. નગરના ઘણા પરિવારના ઘર આ રીતે ચાલતા હતા તેઓએ પણ હવે નજીવા ભાડા પર ઘર આપવાની નોબત આવી છે.

લોકડાઉન થયા ને તે દિવસ પહેલા તથા તે જ અઠવાડિયામાં નગરમાં વસવાટ કરતા બહારગામથી આવેલા વિદ્યાર્થીઓએ પોતાના ઘરે જવાનો નિર્ણય કરી લીધો હતો તેવું તેમનું કહેવું છે. સે-૨, ૬, ૭, ૮, ૨૪, ૨૬ તથા અનેક સેકટરોમાં પ્રાઈવેટ ઘરને પીજી તરીકે વિદ્યાર્થીઓને આપી કમાવવાનો બિઝનેસ ચાલતો હતો. પાછલા ઘણા વર્ષોમાં સરકારી અને બેંકની પરીક્ષા માટે વધી રહેલી સર્તકતાને કારણે ગામે ગામથી સરકારી પરીક્ષાની તૈયારી માટેનું હબ ગણાતા એવા ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ આવી આ અંગેનો અભ્યાસ કરતા હતા. વિવિધ પ્રાઈવેટ કલાસીસમાં પરીક્ષાની તૈયારી કરી અહીં જ પરીક્ષા સુધી સ્થાયી થઈ લાયબ્રેરીમાં બેસી વાંચન કરી ભવિષ્ય સુધારવામાં તેઓ માનતા હતા અને લગભગ બે વર્ષથી વધુ સમયથી અમુક વિદ્યાર્થીઓ નગરમાં સ્થાયી હતા તેમને આ બાબતે પૂછતા તેઓ જણાવે છે કે અમે વર્ષ ૨૦૧૭થી અહીં રહી પરીક્ષા પાસ કરવાનો પ્રયત્ન કરતા હતા પરંતુ સરકાર દ્વારા પરીક્ષા લેવાય તો ય કેન્સલ કરવામાં આવી. ઓછામાં પુરું પીજીના પૈસા સાથે લાયબ્રેરીમાં વાંચવાના પૈસાનો ખર્ચો પણ થયો પરંતુ હવે અમે પરીક્ષા આવે તેના એક મહિના પહેલા જ આવીશું અને અહીં પરીક્ષા આપીશું.

લગભગ ૬૦ થી ૭૦ ટકા વિદ્યાર્થીઓ હાલ નગરમાં નથી અને જેને લીધે નગરમાં તથા પીજી સાથેનો ચા, નાસ્તા અને ટીફીન અને લાયબ્રેરીનો બિઝનેસ પણ પડી ભાંગ્યો છે. જે વિદ્યાર્થીઓ નોકરી કરે છે અને હજી તૈયારી કરવા માટે અહીં જ છે તેવા ૧૦ થી ૨૦ ટકા વિદ્યાર્થીઓ હાલ અહીં રહે છે પરંતુ તેમને પણ હવે પીજીના ભાડા બાબતે હાલાકી ભોગવવી પડી રહી છે. પીજીના રહેણાંક ભાવ અંદાજે ૨૫૦૦ રૂપિયા ફકત રહેવાના, ૫૫૦૦ રૂપિયા જમવા, લોન્ડ્રી તથા વાઈફાઈ સાથે તથા ૬ થી ૭ હજાર રૂપિયામાં તમામ સુવિધા સાથે હતો. પીજી ધારકોના જણાવ્યા અનુસાર હવે લગભગ ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા સુધી ભાવ ઘટયો છે. જે પરથી કહી શકાય કે આ બિઝનેસમાં મંદી આવી છે. હોસ્ટેલમાં પણ હાલ આ જ પરિસ્થિતિ છે. બાળકો ઘરેથી જ ઓનલાઈન સ્ટડી કરી રહ્યા છે અને હજી કોઈ નિર્ણય આવ્યો નથી તેથી નગરની તમામ હોસ્ટેલ ખાલી છે અને અડધા ઉપર પીજી બંધ થઈ ગયા છે.



## પેથાપુરના યુવકને ધમકી આપી મોબાઈલ-રીક્ષા લુંટી લેવાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામના યુવકની રીક્ષા અને મોબાઈલ ધમકી આપી લુંટી લીધાનો બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ ઈલેશ શૈલેષ વાઘેલા (ઉં.૨૭)એ ઘ માર્ગ પર સેકટર-૨૩ જવાના કટ પાસે મોબાઈલ એસેસરીઝનો વેપાર કરે છે. તે આવવા જવા માટે રીક્ષા નં જી.જે.૧૮.એ.વાય.-૦૦૮૬ નંબરની રીક્ષા હતી. શુક્રવારના રોજ બપોરે દોઢ વાગ્યાના સુમારે ઉનાવા ગામનો અશ્વીન મહેન્દ્રભાઈ રાઠોડ તેની પાસે આવ્યો હતો. તેણે યુવકને રીક્ષામાં મુકવા માટે આવવાનું કહ્યું હતું. પરંતુ ધંધાનો સમય હોવાથી યુવકે ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા અશ્વિને મારી નાંખવાની ધમકી આપીને મોબાઈલ અને રીક્ષાની ચાવી ઝુંટવી લીધી હતી. અશ્વિને રીક્ષા ચાલુ કરીને યુવકને પાછળ બેસાડીને ગ્રામભારતી જવાનું કહ્યું હતું. ત્યારબાદ અશ્વિને ગાંધીનગરથી ઉનાવા, લીંબોદરા, અને બાલવા તરફ રીક્ષા ફેરવી હતી. યુવકે મોબાઈલ અને રીક્ષા પાછી માંગતા અશ્વિને ફરી તેને ધમકી આપી હતી. જેથી બાલવા ગામ નજીક રીક્ષા ધીમી થતા તે યુવક નીચે ઉતરી ગયો હતો અને ગાંધીનગર આવી ગયો હતો. ત્યારબાદ તેણે તેના ગામ અને પરિચિત વ્યકિતઓમાં ત્યાં તપાસ કરી હતી પરંતુ તે મળી આવ્યો ન હતો અને મોબાઈલ પણ બંધ આવી રહ્યો હતો. જેથી આખરે યુવકે રૂ.૫૦ હજારની રીક્ષા અને ૫ હજારનો મોબાઈલ લઈ લેવા માટે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.





ગાંધીનગરમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ગયો હોય તેવો માહોલ સર્જાયો છે. આ માહોલમાં પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણની પ્રવૃત્તિ મોટા પાયે હાથ ધરવામાં આવે છે કારણ કે વરસાદી માહોલમાં વાવેલા છોડ ઝડપથી જમીન સાથે એકરૂપ થઈને વિકાસ સાધે છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રાધે રેસીડેન્સી ખાતે સોસાયટીના રહીશો દ્વારા વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું હતું. સોસાયટીના રહીશોએ રાતથી જ વૃક્ષો વાવવા માટે ખાડા ખોદી સવારથી આખો દિવસ આ કાર્ય હાથ ધર્યું હતું. સોસાયટીમાં રહેલી ખાલી જગ્યામાં ગુલમહોર, આસોપાલવ, પેન્ડુલા, જામફલ, જાંબુ, મીઠો લીમડો જેવા ઝાડ તેમજ નાના મોટા છોડ મળીને કુલ ૬૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

## સે-૨૪ માંથી ૧૯ વર્ષિય યુવતિ ગુમ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીગનર શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર મ.નં.૪૬ ખાતો રહેતા નારણભાઈ દેવજીભાઈ વાઘેલાની દિકરી લક્ષ્મી ઉર્ફે નીશા ગત તા.૮-૬-૨૦ ના રોજ બપોરના સુમારે પોતાના ઘરેથી કોઈને પણ કંઈ કહ્યા વિના ચાલી ગઈ છે અને ઘરે પરત આવી નથી. જેથી તેના પિતાએ સેકટર-૨૧ પોલીસ મથકે જાણવા જોગ અરજી કરી છે. ગુમ થનાર લક્ષ્મીબેન આશરે ૧૯ વર્ષના છે. જે શરીરે પાતળા બાંધાના અને આશરે ચાર ફુટ ઉંચાઈ ધરાવે છે. રંગે ઘઉંવર્ણા અને જમણી આંખે માલુ જોવે છે. જેણે શરીરે પીળા કલરનું ટોપ અને કમરના ભાગે લાલ કલરની લેંગીસ પહેરેલ છે. લક્ષ્મીબેન ધોરણ-૭ સુધી અભ્યાસ કર્યો છે અને ગુજરાતી તેમજ હીન્દી ભાષા જાણે છે. જે કોઈને યુવતિ અંગે માહિતી મળે તો તેમણે સેકટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન રમેશભાઈ પટેલ, ઉ.વ. ૬૦, નંદાસણ, તા.કડી
- સ્વ. ભલાભાઈ મોહનદાસ પટેલ, ઉ.વ. ૭૫, સેકટર-૨૨
- સ્વ. જાની હેમલતાબેન હર્ષદરાય, ઉ.વ. ૮૦, ગામ-પીંપળજ
- સ્વ. અશોકભાઈ કેશાભાઈ વાઘેલા, ઉ.વ. ૪૩, મુ.શિહોલી મોટી
- સ્વ. ગિરીશભાઈ બાબુભાઈ મકવાણા, ઉ.વ. ૪૫, રાંચરડા, તા. કલોલ

## ૩૦ જુન સુધી જુસિકાના આરોગ્ય સુરક્ષાના સાધનો પરત કરવા અપીલ

ગાંધીનગર, તા.૧૪

જુનિયર સીટીઝન કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા જણાવાયું છે કે તા. ૧ એપ્રિલ થી તા. ૩૧ માર્ચ ૨૦૧૯ દરમિયાન સંસ્થામાંથી ડિપોઝીટ ભરી આરોગ્ય સુરક્ષાના સાધનો ટ્રેકશન પલંગ, ઓકિસજન સિલીન્ડર, વ્હીલચેર, વોકર, ટોઈલેટ ચેર, સ્ટીક જેવા કોઈપણ સાધનો લીધા હોય તેને તા. ૩૦ જુન ૨૦૨૦ સુધી સાધન પરત આપી સંસ્થાના કાર્યાલય ખાતેથી ભરેલ ડિપોઝીટ પરત મેળવી લેવી. તા. ૩૦ જુન બાદ સાધનની ડીપોઝીટ પરત આપવામાં આવશે નહિ.

## સેકટર-૨૧ ખાતે ઝાડના પાંદડાના કચરા મુદ્દે મારામારી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે ઝાડના પાંદડાના કચરા મુદ્દે બે પાડોશી વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં પાડોશીને બાજુમાં રહેતા પરિવારના સભ્યોએ લાકડી અને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

જુના સચિવાલય બ્લોક નં.૧૬ ખાતે ફરજ બજાવતા અને સેકટર-૨૧ બ્લોક નં. ૩૨-૧ ખાતે રહેતા ચંદુભાઈ વિષ્ણુભાઈ ગોહિલ પોતાના પરિવાર સાથે રહે છે. સાંજના સુમારે ફરીયાદી તેમના ઘરે બેઠા હતા તે દરમિયાન પાડોશમાં રહેતા આનંદીબેન ભરતસિંહ ગોહિલ જોરજોરથી બુમો પાડતા હતા અને કહેતા હતા કે તમારા ઘર આગળના ઝાડના પાંદડા બહુ પડતા હોવાથી મારા ઘરે કચરો થાય છે. તેમ કહેતા હોવાથી મારી દિકરી ભગવતીબેન તેમને શાંતી રાખવા માટે કહેતા જતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને મારી દિકરીને મારવા માટે ધસી આવતા હું તેમને છોડાવવા ગયો હતો. તે સમયે આનંદીબેનના પતિ અને બે દિકરા લાકડીઓ લઈ આવી ગયા હતા અને મને અને મારી દિકરીને લાકડીઓ તેમજ ગડદાપાટુનો માર માર્યો હતો. સ્થાનિક નાગરીકો આવી જતા વધુ મારમાંથી બચાવ્યા હતા. તે સમયે ભરતસિંહના દિકરાએ આજ તો બધા આવી જતા બચી ગયા છો હવે સામે આવ્યા છો તો જીવતા છોડીશુ નહી તેમ કહી ધમકી આપી ગોળા બોલતો જતો રહ્યો હતો. મારામારીમાં ઈજા પહોંચતા ૧૦૮ બોલાવી સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. બનાવ અંગે ચંદુભાઈની ફરીયાદને પગલે પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# કોરોના મહામારીમાં લૉકડાઉન દરમ્યાન પ્રાપ્ત થયેલ પ્રકૃતિનો સંદેશ માનવી પચાવી શકશે?

## કાલે કોરોનાનો ખાતમો થઈ જશે પછી શું આપણે પ્રકૃતિના જતન માટે નિશ્ચિત સમયાંતરે 'સ્વૈચ્છીક લોકડાઉન' અપનાવવાનું સ્વીકારીશું? : શું દર મહિને એક દિવસ કારખાના-વાહનો-એસી વગેરે બંધ રાખીને 'લોકડાઉન ડે' ઉજવી ના શકીએ?




ગાંધીનગર, તા.૧૪

તાજેતરમાં કોરોના કોવિડ-૧૯ મહામારી વચ્ચે તા. ૫મી જૂન એટલે કે 'વિશ્વ પર્યાવરણ દિવસ' ઉજવાઈ ગયો. છેલ્લા ત્રણ માસ કરતાં પણ વધુ સમયથી વિશ્વભરમાં કોરોના મહામારીના કારણે ચિંતાનો માહોલ સર્જાયો છે, સમગ્ર વિશ્વના ૧૯૦ કરતાં વધુ દેશોની અંદાજે પાંચ અબજ જેટલી વસ્તીએ લૉકડાઉનની જે સ્થિતિ અનુભવી છે તે અભૂતપૂર્વ છે. જો કે આ અસમંજસ અને અર્થતંત્રને ડામાડોળ કરતી પરિસ્થિતમાં પણ કેટલાક મનને આનંદ આપે તેવા 'પોઝિટિવ' અહેવાલો પણ પ્રાપ્ત થઈ રહ્યા છે જેમ કે લૉકડાઉનના કારણે વિશ્વભરમાં વાહન વ્યવહાર તેમજ કારખાનાઓ દ્વારા ફેલાતા પ્રદૂષણ અટકી જવાથી ઓઝોન વાયુનું ગાબડું પુરાઈ રહ્યું છે જે ગ્લોબલ વૉમિંગના જોખમને અમુક અંશે ઘટાડશે. આ ઉપરાંત દુનિયાભરના જળ સ્ત્રોતો જેવા કે નદી-ઝરણા, તળાવો, જળાશયો, સમુદ્રો સ્વચ્છ બની રહ્યા છે જેનો સીધો ફાયદો તમામ પ્રકારની જીવ સૃષ્ટિને મળશે. હવે ભારતના પંજાબમાં જલંધર ખાતે આશરે ૨૧૨ કિમી દૂરથી હિમાલય દેખાઈ રહ્યો છે અને હરિદ્વારના હરકી પૈડી ઘાટે વહેતા ગંગા મૈયાના સ્વચ્છ જળની તસવીરો મનને લોભાવી રહી છે. વાતાવરણમાં પ્રદૂષણ ઘટવાને કારણે માનવી સહિત પક્ષીઓ-પ્રાણીઓ પણ સ્વચ્છ હવામાં શ્વાસ લઈ શકશે. જાણે કે કુદરત હવે માનવીના જાતે સુધારવાની રાહ જોયા વગર પોતાની જાતને જાતે જ 'રીપેર' કરી રહી છે. માત્ર બે-અઢી માસના લૉકડાઉન દરમ્યાન થયેલી પર્યાવરણ શુદ્ધિ જોઈને આપણે દરરોજ પ્રદૂષણ ફેલાવીને પ્રકૃતિને કેટલું નુકસાન પહોચાડી રહ્યા છીએ તે પણ હવે સમજી ચૂક્યા છીએ તો શું આપણે પ્રકૃતિના જતન માટે નિશ્ચિત સમયાંતરે 'સ્વૈચ્છીક લૉકડાઉન' અપનાવવાનું સ્વીકારી ના શકીએ?

જો કે લૉકડાઉન સ્થિતિ કેટલા દિવસ ચાલશે તે કહેવું મુશ્કેલ છે કેમ કે કોરોના રહે કે ના રહે પરંતુ અર્થતંત્રને બહુ સમય સુધી રોકી રાખવું એટલે એક પ્રકારની આત્મહત્યા જ છે, ભારતમાં તો હવે 'અનલોક-૧'નો પ્રારંભ પણ થઈ ગયો છે અને ધીમે ધીમે દેશના અર્થતંત્રની ગાડી ફરી પાટે ચડી જવા મથી રહી છે. માનવીએ હમેશા દરેક પરસ્થિતિમાંથી કંઈક શીખવું જોઈએ, અને માનવી શિખતો પણ આવ્યો છે પરંતુ અત્યારનો માનવી હવે દરેક પરિસ્થિતમાં વાતો તો સુફિયાણી કરે છે પરંતુ જે કંઈ શીખે છે તે માત્ર સ્વ કેન્દ્રિત લાભ પુરતું જ શીખે છે. દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસે સોશિયલ મીડિયા પર પ્રદૂષણની ઝાટકણી કાઢતો માનવી હવે પર્યાવરણમાં આવેલા સકારાત્મક પરિવર્તનોથી પર્યાવરણની શુદ્ધતાનું રહસ્ય તો જાણી ચૂક્યો છે, જેમ આટલા લાંબા લૉકડાઉનમાં પોતાના અંગારવાયુ ઓકતા કારખાના-ફેકટરીઓ બંધ રાખી તેમ હવે સામાન્ય સંજોગોમાં પણ તેનાથી ફેલાતું પ્રદૂષણ શક્ય હોય તેટલું ઘટાડી તેને સપ્તાહમાં એક દિવસ માટે સદંતર બંધ રાખી શકશે? લૉકડાઉન દરમ્યાન પોતાના વાહનોને હાથ ના લગાડનાર માનવી હવે શું સપ્તાહમાં એકવાર વાહનનો સંપૂર્ણ ઉપયોગ બંધ રાખીને 'નો વ્હીકલ ડે' પાળી શકશે? કોરોના વાયરસથી બચવા એરકંડિશનરનો ઉપયોગ ટાળનાર માનવી કોરોના પછી પણ અઠવાડિયે એક દિવસ એસી વગર રહી શકશે? બીજાનું થૂંક પોતાના પર ના પડી જાય તે માટે સતર્ક બનેલો માનવી શું હવે પોતે રસ્તા પર જ્યા ત્યાં થૂંકવાનું બંધ કરી સ્વચ્છતાની જાળવણી કરતો થઈ શકશે? અને સૌથી અઘરો સવાલ તો એ છે કે વિશ્વ પર્યાવરણ દિવસે માત્ર સોશિયલ મીડિયા પર વૃક્ષોને યાદ કરતો માનવી શું હકીકતમાં વૃક્ષોની થઈ રહેલી કત્લેઆમ પર નિયંત્રણ લાવી શકશે? અરે દર સપ્તાહે જવા દો, શું દર મહિને એક દિવસ કારખાના-વાહનો-એસી વગેરે બંધ રાખીને માત્ર ઘરમાં જ રહીને 'લૉકડાઉન ડે' ઉજવી ના શકીએ?







આ લેખ સાથે સામેલ તસવીરો હજુ કોરોના પહેલા હજુ થોડા માસ પૂર્વે ગાંધીનગરના ઈન્ફોસિટી પાસે એસજી હાઈવેને સિકસલેન કરવા માટે કાપવામાં આવેલા જુના ઘટાદાર વૃક્ષોની દુર્દશાની છે જે આ લખનારે જાતે પોતાના મોબાઈલ ફોનના કેમેરાથી ભારે હૈયે અસહ્ય વેદના સાથે લીધી હતી જે હજુ પણ કોઈપણ પર્યાવરણ પ્રેમીનું હદય હચમચાવવા એટલી જ સક્ષમ છે. આ સાથે એક તસવીર ઈન્ટરનેટ પરથી પ્રાપ્ત થઈ છે જે કદાચ તુર્કીની છે જેમાં એક મકાનને બાંધતી વખતે નડતરરૂપ બનેલ જૂના વૃક્ષને કાપવાને બદલે મકાનની ડિઝાઈનના પરીવર્તન કરવાનું યોગ્ય માન્યું છે. આવા બીજા કેટલાક ઉદાહરણો પણ જગતમાં મોજૂદ છે જેમાં કોઈ રોડ, મકાન કે અન્ય સ્થાપત્ય વિકસાવતી વખતે નડતરરૂપ બનતા વૃક્ષને કાપવાને બદલે સ્થાપત્યની ડિઝાઈનમાં પરીવર્તન કરવામાં આવ્યું હોય પરંતુ વૃક્ષ કાપવાનું જરૂર ટાળવામાં આવ્યું હોય. આપણાં દેશમાં પણ આ નીતિ અપનાવી શકાય છે જેમાં વૃક્ષને કાપવાને બદલે જે તે વિકાસલક્ષી કાર્યમાં અન્ય વિકલ્પને અપનાવાય જેમ કે રોડને ભલે થોડો વધુ વળાંક આપીને લાંબા અંતરનો બનાવાયો હોય કે ઉપર નીચે જેને 'મલ્ટિસ્ટોરેય' કહી શકાય તેવો બનાવાય, કેમ કે પ્રકૃતિને નુકસાન પહોચાડીને કરેલું કાર્ય આખરે તો આપણું જ નુકસાન છે અને તે ભવિષ્યમાં પ્રકૃતિ તે વ્યાજ સાથે પાછું આપતી હોય તેમ વધુ મોટું સ્વરૂપ પ્રાપ્ત કરીને આપણાં જ પગમાં આવે છે અને ત્યારે આપણાં માટે ઘણું મોડુ થઈ ચૂક્યું હોય છે. જો આપણે રોડ વચ્ચે આવતા મંદિર કે મઝાર હટાવવા રાજી થતાં નથી તો વૃક્ષને કાપવા કેવી રીતે રાજી થઈએ છીએ એ વાત જ સમજાતી નથી. જ્યાં સુધી એક પણ વૃક્ષનું અકુદરતી રીતે કપાઈ જવું આપણને એક સ્વજનના મૃત્યુ જેટલું ખૂંચશે નહીં ત્યાં સુધી 'પર્યાવરણ દિવસ'ની ઉજવણી માત્ર એક ઔપચારિકતાથી વિશેષ કશું જ નથી.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com